### ગ્રાન્ટેડ શાળાઓને લઈ રાજ્ય સરકારનો મોટો નિર્ણય

# વિદ્યાર્થીઓની વર્ગખંડમાં હાજરીના આધારે ગ્રાન્ટ મળશે

**શહેરી** વિસ્તારમાં 80 ટકાથી ઓછી હાજરી હશે તો 25 ટકા ગ્રાન્ટ કપાશે

સુરત : રાજ્યમાં ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ માટે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. હવે શાળાઓને મળતી સરકારી ગ્રાન્ટનો સીધો સંબંધ વિદ્યાર્થીઓની નિયમિત હાજરી સાથે રહેશે. જો નિર્ધારિત ટકાવારી પ્રમાણે હાજરી નહીં રહે, તો ગ્રાન્ટમાં મોટો કાપ મુકવામાં આવશે, જે કેટલીક સ્થિતિમાં 100 ટકા સુધી જઈ શકે છે.

શિક્ષણ વિભાગે જાહેર કરેલા નવા પરિપત્ર મુજબ, લઘુમતી શાળાઓ સહિત તમામ ગ્રાન્ટેડ શાળાઓ માટે આ નિયમ ફરજિયાત રહેશે. અત્યાર સુધી ગ્રાન્ટ મુખ્યત્વે દાખલ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે મળતી હતી, પરંતુ હવે વર્ગખંડમાં વાસ્તવિક હાજરીને મુખ્ય માપદંડ બનાવવામાં આવ્યો છે.


શહેરી વિસ્તારોની ગ્રાન્ટેડ શાળામાં વિદ્યાર્થીઓની હાજરી 80 ટકાથી ઓછી હશે તો 25 ટકા ગ્રાન્ટ કપાશે.

શહેરોમાં આવેલી ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી 80% હાજરી ફરજિયાત રાખવામાં આવી છે. જો હાજરી આ મર્યાદાથી ઓછી રહેશે, તો મળવાપાત્ર ગ્રાન્ટમાંથી 25% કાપી લેવામાં આવશે. સૌથી કડક જોગવાઈ મુજબ, જો હાજરી 60%થી પણ ઓછી નોંધાશે, તો તે શાળાની સમગ્ર 100% ગ્રાન્ટ બંધ કરવામાં આવશે.

ગામડાઓની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ત્યાં અલગ માપદંડ નક્કી કરવામાં આવ્યા છે. ગ્રામ્ય શાળાઓમાં 55% હાજરી જરૂરી રહેશે. જો કોઈ શાળામાં હાજરી 40%થી નીચે જશે, તો સરકાર દ્વારા કડક પગલાં લઈ શાળાની 100% ગ્રાન્ટ અટકાવી દેવામાં આવશે.

આ નિર્ણયનો મુખ્ય હેતુ માત્ર કાગળ પર ચાલતી શાળાઓને બંધ કરવો અને વિદ્યાર્થીઓને નિયમિત રીતે શાળામાં હાજર રાખવાનો છે. શિક્ષણ વિભાગનું માનવું છે કે આ પગલાથી શિક્ષણની ગુણવત્તા સુધરશે અને શાળા સંચાલકો વિદ્યાર્થીઓને શાળાએ લાવવા માટે વધુ સક્રિય બનશે.હવે સ્પષ્ટ છે કે, ગ્રાન્ટ મેળવવી હોય તો શાળાઓએ માત્ર નોંધણી નહીં, પરંતુ વર્ગખંડમાં વિદ્યાર્થીઓની હાજરી પણ સુનિશ્ચિત કરવી પડશે.

### ટ્રેનમાં મોબાઈલ ચોરી કરનાર ઝડપાયો




સુરત : લિંબાયત મીઠી ખાડી ખાતેથી સુરત રેલવે પોલીસે મોબાઈલ ફોન ચોરની ધરપકડ કરી હતી. તેની પાસેથી ચોરીનો રૂ 12,500 નો એક મોબાઈલ જપ્ત કરાયો હતો. ટ્રેનની અંદર છેલ્લા કેટલાક સમયથી મોબાઈલ ફોન ચોરીના બનાવો સતત વધી રહેલા છે જેના પગલે રેલવે પોલીસ ઈન્સપેક્ટર બી.બી.મીઠાપરાએ તેમની ટીમને આ બનાવ ઉપર અંકુશ લાવવા માટે અને ચોરીના આરોપીને પકડવા માટે કામે લગાડ્યા હતા. દરમિયાન રેલવે પોલીસને આરોપી ઈરફાન ઉર્ફે નાડી રમઝાન શેખ રહે. લિંબાયત મીઠીખાડી પટરાણી ચાલનો હાલ તેના ઘરે હોવાની બાતમી મળી હતી .જેના આધારે સુરત રેલવે પોલીસે તેના ઘરે રેડ કરી ઈરફાન ઉર્ફે નાડી શેખને તેના ઘરેથી ચોરીના એક મોબાઈલ ફોન જેની કિંમત 12,500 સાથે ઝડપી પાડ્યો હતો.

# હજુ એપ્સટિન ફાઈલોનો પહેલો વિંછીનો દાબડો જ ખોલવામાં આવ્યો છે

અમેરિકામાં જેફરી એપ્સટિન ટ્રાફિકિંગ કેસ સાથે સંબંધિત લાંબા સમયથી છુપાયેલા વિંછીના દાબડા જેવા દસ્તાવેજો આખરે જાહેર થવા લાગ્યા છે. આ એક એવો કેસ છે, જેણે લગભગ બે દાયકાથી અમેરિકન રાજકારણ અને ન્યાય વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. આ દસ્તાવેજોમાં દુનિયાની અનેક જાણીતી હસ્તીઓ દ્વારા કરવામાં આવેલા વિકૃત જાતીય ગુનાઓની ચોંકાવનારી તસવીરો છે. શુક્રવારે યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે એપ્સટિન તપાસ સંબંધિત રેકોર્ડ જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ ફાઇલોના પ્રકાશનથી આ સેક્સ ટ્રાફિકિંગના ગુના વિશે ઘણાં છુપાયેલાં સત્યો બહાર આવવાની અપેક્ષા છે. આ ફાઇલોમાં તપાસ સંબંધિત ફોટોગ્રાફ્સ, કોલ લોગ્સ, ગ્રાન્ડ જ્યુરી જુબાની અને ઇન્ટરવ્યુની ટ્રાન્સક્રિપ્ટનો સમાવેશ થાય છે. ડેપ્યુટી એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે સ્પષ્ટતા કરી કે નિર્ધારિત સમયમર્યાદામાં બધા દસ્તાવેજો જાહેર કરવામાં આવશે નહીં. હાલમાં લાખો રેકોર્ડ જાહેર કરવામાં આવી રહ્યા છે અને આગામી અઠવાડિયામાં વધુ જાહેર કરવામાં આવશે. લોકો જાણવા માંગે છે કે શું એપ્સ્ટેઇનના શ્રીમંત અને શક્તિશાળી સંબંધીઓ તેના ગુનાઓ વિશે જાણતા હતા કે કોઈ રીતે તેમાં સંડોવાયેલા હતા. ખાસ કરીને ૨૦૦૮ માં પ્રારંભિક તપાસ અચાનક કેમ બંધ કરવામાં આવી તે અંગે પ્રશ્નો ઊભા થયા છે. એપ્સટિનના પીડિતો વર્ષોથી જવાબ માંગી રહ્યા છે કે ગુનેગારોને કેમ રક્ષણ આપવામાં આવ્યું.

જેફરી એપ્સટિનની તપાસ ૨૦૦૫ માં ફ્લોરિડાના પામ બીચમાં શરૂ થઈ હતી, જ્યારે ૧૪ વર્ષની છોકરીના જાતીય શોષણની ફરિયાદ સામે આવી હતી. FBI તપાસમાં ઘણી સગીર છોકરીઓ તરફથી જુબાની મળી હતી, પરંતુ એપ્સટિનને એક સોદો ઓફર કરવામાં આવ્યો હતો, જેનાથી તે ફેડરલ કાર્યવાહીથી બચી ગયો હતો. બાદમાં, ૨૦૧૯ માં તેના પર ફરીથી માનવ તસ્કરીનો આરોપ મૂકવામાં આવ્યો હતો, પરંતુ તેની ધરપકડના એક મહિના પછી તેણે જેલમાં આત્મહત્યા કરી હતી. તેની સાથી ઘિસ્લેન મેક્સવેલને દોષિત ઠેરવવામાં આવી હતી અને તે ૨૦ વર્ષની સજા ભોગવી રહી છે. એપ્સટિનના મૃત્યુની તપાસમાં આનો પણ સમાવેશ થાય છે. નવા દસ્તાવેજો જેલ વહીવટીતંત્ર અને તપાસ એજન્સીઓની ભૂમિકા પર પણ પ્રકાશ પાડી શકે છે. આ ફાઇલોમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, પોપ સ્ટાર માઈકલ જેક્સન, અભિનેતા ક્રિસ ટકર અને બ્રિટનના પ્રિન્સ એન્ડ્રુ જેવી અગ્રણી વ્યક્તિઓના ફોટોગ્રાફ્સનો સમાવેશ થાય છે. રિલીઝ થયેલી તસવીરોમાં બિલ ક્લિન્ટનને મહિલાઓ સાથે સ્વિમિંગ પુલમાં પાર્ટી કરતાં દર્શાવવામાં આવ્યા છે. પહેલા ચાર સેટ એકસાથે રિલીઝ કરવામાં આવ્યા હતા, જ્યારે પાંચમો સેટ પણ થોડા કલાકો પછી રિલીઝ કરવામાં આવ્યો હતો. કુલ મળીને ૩,૫૦૦ થી વધુ ફાઇલો જાહેર કરવામાં આવી છે, જેમાં ૨.૫ GB થી વધુ ડેટા છે. દસ્તાવેજોના પહેલા સેટના રિલીઝથી અમેરિકન રાજકારણમાં ધમધમાટ શરૂ થયો છે. જાહેર કરાયેલી ફાઇલોમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ ખૂબ જ મર્યાદિત દેખાય છે, જ્યારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનના ફોટા મુખ્ય છે.



પ્રકાશિત ફોટોગ્રાફ્સમાં ક્લિન્ટન એક ખાનગી વિમાનમાં દેખાય છે, જેમાં તેમની બાજુમાં બેઠેલી મહિલાનો ચહેરો ઢંકાયેલો છે. તેમાં સ્વિમિંગ પુલ અને હોટ ટબમાં તેમના ફોટોગ્રાફ્સ પણ સામેલ છે. કેટલાક ફોટોગ્રાફ્સમાં ક્લિન્ટન જેફરી એપ્સટિનની નજીકની સહયોગી ઘિસ્લેન મેક્સવેલ સાથે દેખાય છે. જેફરી એપ્સટિન એક દોષિત જાતીય ગુનેગાર હતો, જેના પર સગીર છોકરીઓનું જાતીય શોષણ કરવાનો અને પ્રભાવશાળી લોકો સાથે સંબંધો રાખવાનો ગંભીર આરોપ હતો. આ કારણોસર એપ્સટિન ફાઇલ્સને અમેરિકન ઇતિહાસની સૌથી સંવેદનશીલ અને હાઇ-પ્રોફાઇલ તપાસમાંની એક માનવામાં આવે છે. અત્યાર સુધી જાહેર થયેલા દસ્તાવેજો અને તસવીરોમાં ઘણી પ્રખ્યાત હસ્તીઓ સામે આવી છે. આમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને પોપ સ્ટાર માઈકલ જેક્સનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બ્રિટનના પ્રિન્સ એન્ડ્રુ તેમની પત્ની સારાહ ફર્ગ્યુસન સાથે જોવા મળે છે. અમેરિકન ટીવી હોસ્ટ ઓપ્રાહ વિન્ફ્રે, હોલીવુડ અભિનેતા કેવિન સ્પેસી અને ક્રિસ ટકર, તેમજ અબજોપતિ ઉદ્યોગપતિ રિચાર્ડ બ્રેન્સન પણ તસવીરોમાં જોવા મળે છે. ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર કહ્યું છે કે તેમણે ૨૦૦૦ ના દાયકાની શરૂઆતમાં એપ્સટિન સાથેના સંબંધો તોડી નાખ્યા હતા. નવી પ્રકાશિત થયેલી તસવીરોમાં ઘણા દેશોના પાસપોર્ટ અને ઓળખકાર્ડ બતાવવામાં આવ્યા છે, જેમાં મોટા ભાગની વ્યક્તિગત વિગતો છુપાવવામાં આવી છે. યુક્રેન અને રશિયા જેવા દેશોના દસ્તાવેજો સહિત ઘણા દસ્તાવેજોની તસવીરો સ્ત્રી તરીકે ચિહ્નિત થયેલી છે અને ઓળખ છુપાવવા માટે ઘણા ચહેરાઓને ઝાંખા કરવામાં આવ્યા છે. અન્ય તસવીરોમાં નોઆમ ચોમ્સ્કી એપ્સટિન સાથે વિમાનમાં બેઠેલા દેખાય છે અને બિલ ગેટ્સ એક મહિલાની બાજુમાં પોઝ આપતા હોય છે, જેનો ચહેરો ઝાંખો છે. ફિલ્મ નિર્માતા વુડી એલન અને ટ્રમ્પના ભૂતપૂર્વ વ્યૂહરચનાકાર સ્ટીવ બેનનની છબીઓ પણ સામેલ છે, જે બંને અગાઉ પ્રકાશિત થયેલા ફોટોમાં પણ દેખાયા હતા. ફોટોના તાજેતરના બેચમાં કોઈ પણ દ્વારા કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ દેખાતી નથી.

આ તસવીરોમાં છ મહિલાઓ સાથે ઊભા રહેલા ડોનાલ્ડ ટ્રમ્પનો બ્લેક એન્ડ વ્હાઇટ ફોટો બતાવવામાં આવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પને પહેલા એપ્સટિનની નજીક માનવામાં આવતા હતા. જો કે પાછળથી એપ્સટિન પર સેક્સ ટ્રાફિકિંગનો આરોપ લાગ્યા બાદ તેમણે તેમનાથી દૂરી બનાવી લીધી હતી. આ ફોટામાં સ્ટીવ બેનન, બિલ ગેટ્સ, રિચાર્ડ બ્રેન્સન, હાર્વર્ડના ભૂતપૂર્વ પ્રમુખ લેરી સમર્સ અને વકીલ એલન ડેરશોવિટ્ઝ જેવાં નામો પણ છે. બીજા ફોટામાં ડોનાલ્ડ ટ્રમ્પના રમૂજી કાર્ટૂન સાથે એક બાઉલમાં કોન્ડોમ છે, જેની નીચે લખ્યું છે કે હું ખૂબ જ ખુશ છું! આ શબ્દો નીચે એક સાઇન છે, જેના પર ટ્રમ્પ કોન્ડોમ $ ૪.૫૦ લખેલું છે. બિલ ક્લિન્ટને અગાઉ એપ્સટિનના ખાનગી જેટમાં મુસાફરી કરવાની વાત સ્વીકારી હતી, પરંતુ તેઓ કહે છે કે તેઓ એપ્સટિનના ગુનાઓથી અજાણ હતા. પ્રિન્સ એન્ડ્રુએ એપ્સટિન સાથેના સંબંધો પછી તેમનો શાહી દરજ્જો અને વિશેષાધિકારો ગુમાવ્યા હતા. જો કે તેમણે આરોપોને નકારી કાઢ્યા છે. એક સ્ક્રીનશોટમાં એક ટેક્સ્ટ મેસેજનો એક નાનો ભાગ બતાવવામાં આવ્યો છે, જેમાં એક અજાણ્યો યુવક છોકરીઓની ભરતી વિશે વાત કરતો દેખાય છે કે મારી એક સ્ત્રીમિત્ર છે, જે સ્કાઉટ છે. તેણે આજે મને કેટલીક છોકરીઓ મોકલી છે, પરંતુ તે દરેક છોકરી માટે ૧,૦૦૦ ડોલર માંગી રહી છે.

રિપબ્લિકન કાયદા ઘડનારાઓની એક સમિતિએ એપ્સટિન એસ્ટેટમાંથી મેળવેલા હજારો દસ્તાવેજો પહેલાથી જ જાહેર કર્યા છે. એપ્સટિને દાવો કર્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પે તેમની પ્રાથમિક ફરિયાદી વર્જિનિયા ગિફ્રે સાથે કલાકો વિતાવ્યા હતા. એપ્સટિને એમ પણ લખ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પ છોકરીઓ વિશે જાણતા હતા, જે ટ્રમ્પના દાવા સાથે જોડાયેલું છે કે તેમણે એપ્સટિનને તેમની ક્લબ માર-એ-લાગોમાંથી કાઢી મૂક્યો હતો, કારણ કે તે ત્યાં કામ કરતી યુવતીઓને ફસાવી રહ્યો હતો. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ દસ્તાવેજોમાં ૨૫૪ માલિશ કરનારી મહિલાઓની સાત પાનાંની યાદી સંપૂર્ણપણે બ્લેક આઉટ કરવામાં આવી છે, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે કેટલાંક પીડિતોને બચાવવા માટે તેમના વિષયક માહિતી છુપાવવામાં આવી રહી છે.

૨૦૧૯ માં ન્યૂયોર્કની જેલમાં મૃત્યુ પામેલા એપ્સટિનની તપાસ સંબંધિત રેકોર્ડના પ્રકાશનને રોકવા માટે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મહિનાઓ સુધી લડ્યા હતા. પાછળથી દબાણ હેઠળ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા મહિને એક કાયદા પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં આ દસ્તાવેજોના પ્રકાશનને ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. શુક્રવાર તેમના પ્રકાશન માટેની અંતિમ તારીખ હતી. આ બાબત અંગે ડેપ્યુટી એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે શુક્રવારે ઘણા લાખ દસ્તાવેજો જાહેર કરવામાં આવશે અને આગામી અઠવાડિયાંમાં બીજા ઘણા લાખો દસ્તાવેજો જાહેર કરવામાં આવશે. જાહેર કરવામાં આવેલા દસ્તાવેજોમાં ભારતના કોઈ પણ નેતાનાં નામો નથી, પણ ભવિષ્યમાં જાહેર થનારા દસ્તાવેજોમાં તેમનાં નામો બહાર આવી શકે છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

દ્રષ્ટિ પોઇન્ટ ■ સમકિત શાહ ■

**આ ફાઇલોમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, પોપ સ્ટાર માઈકલ જેક્સન, અભિનેતા ક્રિસ ટકર અને બ્રિટનના પ્રિન્સ એન્ડ્રુ જેવી અગ્રણી વ્યક્તિઓના ફોટોગ્રાફ્સનો સમાવેશ થાય છે**

# અમદાવાદમાં મહિલાને થપ્પડ મારનાર ટ્રાફિક કોન્સ્ટેબલ સસ્પેન્ડ

**મહિલા** પોલીસને આઇકાર્ડ પાછો આપી રહી હતી ત્યારે પડી જતાં ઉશ્કેરાયો હતો

અમદાવાદ : અમદાવાદ શહેરના પાલડી ચાર રસ્તા પાસે ગઈકાલે સાંજે એક મહિલા વાહન ઉપર સિગ્નલ ક્રોસ કરી રહી હતી તે દરમિયાન ટ્રાફિક પોલીસે તેને રોકી લાઇસન્સ માગ્યું હતું. આ સમયે પોલીસ કોન્સ્ટેબલ દ્વારા અમાનવીય વર્તન કરી મહિલાને થપ્પડ મારવામાં આવી હતી. આ ઘટનામાં પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ શહેરના શહેરના પાલડી ચાર રસ્તા પાસે સાંજના સમયે વાસણા વિસ્તારમાં રહેતી એક મહિલા તેના એકટિવા પર પસાર થઈ રહી હતી, ત્યારે ટ્રાફિક પોલીસે આ મહિલાને રોકી તેની પાસે લાઇસન્સ માગ્યું હતું.

મહિલાના જણાવ્યા પ્રમાણે લાઇસન્સ કાઢવામાં વાર લાગતા પોલીસ કોન્સ્ટેબલે તેની સાથે તોછડાઈભર્યું વર્તન કર્યું હતું. જેથી મહિલાએ પોલીસકર્મીને તેનો આઈકાર્ડ બતાવવા કહ્યું હતું, આ આઈકાર્ડ પોલીસને પરત આપતી વખતે નીચે પડી જતા પોલીસ કોન્સ્ટેબલ ઉશ્કેરાઈ ગયા હતા અને ગુસ્સે થઈ તેઓએ મને લાફો માર્યો હતો.

આ સમગ્ર ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો આ ઘટના બાદ મહિલા પાલડી પોલીસ મથક ખાતે પહોંચી હતી, ત્યારે મહિલાની ફરિયાદ લેવાનો ઈન્કાર કર્યો હોવાનો મહિલાએ આક્ષેપ કર્યો હતો. બીજી તરફ આ વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા મહિલાને થપ્પડ મારનાર પોલીસકર્મીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. જ્યારે ટ્રાફિક સિગ્નલ તોડનાર મહિલા સામે પણ કાયદાકીય પગલા લેવામાં આવ્યા હતા. સોશિયલ મિડિયામાં મહિલા પોલીસને બેફામ ગાળો બોલી રહી હોવાનો વિડીયો પણ વાયરલ થયો છે. વિડીયોમાં મહિલા પોલીસ સાથે માથાકુટ કરી ગાળાગાળી કરી હોવાનું જણાય છે.

# રાજ્યમાં હજી બે દિવસ તાપમાન ઊંચું રહેશે

**રાજ્યમાં** સૌથી ઓછુ લઘુત્તમ તાપમાન અમરેલીમાં 12 ડિગ્રી

ગાંધીનગર : રાજ્યમાં હાલમાં ઠંડી થોડી ઓછી થઈ છે. ખાસ કરીને આગામી 48 કલાક સુધી તાપમાન થોડુક ઊંચુ જશે, તે પછી ઠંડીમાં 2થી3 ડિગ્રીનો વધારો થશે. આગામી 48 કલાક દરમિયાન રાજ્યમાં તાપમાનમાં વધારો થશે તે પછી તાપમાન ઘટશે અને ઠંડી વધવાની છે. આજે શનિવારે રાજ્યમાં અમરેલીમાં ઠંડીનો પારો 12 ડિગ્રીએ પહોંચ્યો હતો. જયારે રાજકોટમાં 35 ડિગ્રી ગરમી નોંધાવવા પામી હતી. જયારે નલિયા, પોરબંદર , સુરેન્દ્રનગર અને સુરતમાં 33 ડિગ્રી ગરમી નોંધાવવા પામી છે.

રાજ્યમાં આજે શનિવારે ઠંડીનો ચમકારો ઘટયો છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં ઊંચુ તાપમાન નોંધાવવા પામ્યુ છે. અમરેલીમાં ઠંડીની અસર વર્તાઈ રહી છે. આજે પણ સતત બીજા દિવસે રાજયની સૌથી વધુ ઠંડી 12 ડિ.સે. અમરેલીમાં જ નોંધાવવા પામી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , રાજયમાં આગામી 48 કલાક બાદ 2થી 3 ડિગ્રી જેટલી ઠંડી ઘટશે.

હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે રાજયના અન્ય શહેરો પૈકી ભૂજમાં 18 ડિ.સે., નલિયામાં 14 ડિ.સે., કંડલા પોર્ટ પર 17 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 14 ડિ.સે., અમરેલી 12 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે., રાજકોટમાં 15 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 17 ડિ.સે., મહુવામાં 14 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે.,ડીસામાં 15 ડિ.સે., ગાંધીનગરમાં 15 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે., વડોદરામાં 13 ડિ.સે., સુરતમાં 15 ડિ.સે. અને દમણમાં 15 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

# અનુસ્નાતક કક્ષાના મેડિકલ બેઠકોના બીજા રાઉન્ડની ચોઇસ ફીલિંગ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર : અનુસ્નાતક કક્ષાના એમડી,એમએસ, ડિપ્લોમા તેમજ ઈન સર્વિસ ઉમેદવારો માટે મેડિકલ કોર્સિસના બીજા રાઉન્ડની ચોઈસ ફીલિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આગામી 22 ડિસેમ્બર સવારે 10:00 વાગ્યા સુધી બીજા રાઉન્ડની ચોઈસ ફીલિંગ કરી શકાશે. બીજા રાઉન્ડ માટે 235 નવી ઉમેરાયેલી બેઠકો, પહેલા રાઉન્ડના અંતે નોન રિપોર્ટેડ 672 બેઠકો, અને રૂપાંતરિત નહીં થયેલી 254 બેઠકોનો બીજા રાઉન્ડમાં સમાવેશ થાય છે.

## BUSINESS મિત્ર

# ઇન્ફોસીસમાં નવાજુનીના એંધાણ, એડીઆરમાં 40 ટકા સુધીની અફડાતફડી જોવાઇ

**જો કે** કંપનીએ નિવેદનમાં કહ્યું કે કોઇ મહત્વપુર્ણ ઘટના નથી, જે જાહેર કરવાની જરૂરત હોય

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 20:** ઈન્ફોસીસના શેર ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જ પર તેની એડીઆરમાં અભૂતપૂર્વ 40 ટકાનો વધારો થયો છે. ઈન્ફોસિસના એડીઆરમાં 40 ટકાના ઉછાળા બાદ કંપનીએ એક નિવેદન બહાર પાડ્યું હતું કે, સોમવારે આઈટી શેરમાં તેજી આવી શકે છે. ભારતની બીજી સૌથી મોટી આઈટી કંપની ઈન્ફોસિસે ગત રાત્રે અમેરિકન બજારોમાં ઈન્ફોસિસના એડીઆરમાં 40 ટકાના વધારા બાદ એક નિવેદન બહાર પાડ્યું છે. ઈન્ફોસીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ રેલીને લગતી કોઈ નોંધપાત્ર ઘટના નથી જે જાહેર કરવાની જરૂર હોય. ઈન્ફોસિસના એક્સચેન્જ ફાઈલિંગમાં આપવામાં આવેલી માહિતી કંપનીએ એક્સચેન્જને આપેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે કંપનીએ ગઈકાલે ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જ પર તેની એડીઆરના મૂલ્યમાં અસ્થિરતા જોઈ હતી, જેના પરિણામે ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ દ્વારા બે વખત લિમિટ અપ-લિમિટ ડાઉન લાગુ કરવામાં આવી હતી. આ સંદર્ભે, કંપનીએ સ્પષ્ટતા કરી છે કે સેબી રેગ્યુલેશન્સ, 2015 હેઠળ કોઈ નોંધપાત્ર ઘટનાઓ જાહેર કરવાની નથી. ઈન્ફોસિસનો એડીઆર 52 સપ્તાહની નવી ઊંચી સપાટીએ 30 ડોલરને સ્પર્શ્યો હતો, જેના કારણે બજારમાં ભારે અસ્થિરતાને કારણે એક્સચેન્જ બે વખત ટ્રેડિંગ બંધ કરી દીધું હતું. ઈન્ફોસિસ એડીઆરમાં જંગી માત્રામાં વેપાર થયો હતો. જે 20.22 ડોલર પર સ્થિર થયો હતો. જોકે ઈન્ફોસિસના એડીઆરમાં સતત ત્રીજા દિવસે વધારો જોવા મળ્યો હતો, પરંતુ ગુરૂવારે પ્રથમ ક્વાર્ટરની આવકની દ્રષ્ટિએ એક્સેન્ચરે વોલ સ્ટ્રીટની અપેક્ષાઓને વટાવી ગયા પછી આ ઉછાળો નોંધપાત્ર બન્યો હતો. ઈન્વેસ્ટીગ ડોટકોમના આંકડા અનુસાર, ઈન્ફોસિસનો એડીઆર ગુરુવારે 5 ટકાથી વધુ અને બુધવારે 2.5 ટકા વધ્યો હતો.

ભારતીય શેરબજારમાં સપ્તાહમાં અંતિમ દિવસે ઈન્ફોસીસના શેરની કિંમત 1654.90 રૂપિયાની એક દિવસની ઊંચી સપાટીએ પહોંચી હતી અને 1638 રૂપિયાના સ્તરે બંધ થઈ હતી. ઈન્ફોસિસના શેરના ભાવ સોમવારે ગેપ ઓપનિંગ આપી શકે છે અને જો ગતિ જળવાઈ રહેશે તો તે 1660 રૂપિયાના સ્તર સુધી પહોંચી શકે છે. ઈન્ફોસિસના એડીઆરના ઉછાળાની અસર ભારતીય બજારોમાં પણ કંપનીના શેરના વધારાના રૂપમાં જોઈ શકાય છે.

### ઓલાના એન્જિનિયરના આત્મહત્યા કેસમાં નવો વળાંક

# ભાવિશ અગ્રવાલ સામે આફત વધતા ઓલા ઇલે.ના ભાવ તૂટી શકે

**ફોરેન્સિક** તપાસમાં એન્જિનિયરની સ્યુસાઇડ નોટ પરની ફિંગરપ્રિન્ટ મેચ પોઝિટિવ મળી છે

નવી દિલ્હી, તા. 20: ઓલા ઈલેક્ટ્રિક એન્જિનિયરકે અરવિંદની કથિત આત્મહત્યાની તપાસમાં એક નવું અપડેટ આવ્યું છે. તપાસ એજન્સીઓએ સ્યુસાઈડ નોટની પ્રામાણિકતાની પુષ્ટિ કરી છે. સીએનબીસી ટીવી-18ના રિપોર્ટ અનુસાર, તપાસ સાથે જોડાયેલા સૂત્રોએ આજે જણાવ્યું હતું કે ફોરેન્સિક તપાસમાં સ્યુસાઈડ નોટ પરની ફિંગરપ્રિન્ટ મેચ પોઝિટિવ મળી છે. આનો અર્થ એ છે કે ફિંગરપ્રિન્ટ્સ કે. અરવિંદની છે. આ પરિણામ ઓલા ઈલેક્ટ્રિક અને તેના સ્થાપક ભાવિશ અગ્રવાલ માટે મુશ્કેલીઓમાં વધારો કરી શકે છે. સોમવારે કંપનીના શેરમાં મોટો ઘટાડો થવાનો આશંકા છે.

હસ્તાક્ષર વિશ્લેષણ અહેવાલની હજુ રાહ જોવાઈ રહી છે. તપાસકર્તાઓએ અગાઉ કહ્યું હતું કે આ કેસમાં ભાવિ કાર્યવાહી નક્કી કરવામાં આ તારણો નિર્ણાયક રહેશે. સેન્ટ્રલ ક્રાઈમ બ્રાંચ હાલમાં આ કથિત આત્મહત્યા કેસની તપાસ કરી રહી છે. 38 વર્ષીય અરવિંદ 28 સપ્ટેમ્બર, 2025 ના રોજ બેંગલુરૂમાં તેના ઘરે મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે શરૂઆતમાં અકુદરતી મૃત્યુનો અહેવાલ નોંધ્યો હતો. બાદમાં સતામણી અને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ ઉમેરવામાં આવ્યો હતો. અરવિંદ 2022થી કંપનીમાં કામ કરી રહ્યો છે. અહેવાલો અનુસાર, 28 સપ્ટેમ્બરના રોજ તેણે કથિત રીતે તેના ઘરે ઝેર પીધું હતું. તેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પરંતુ તેનો જીવ બચાવી શકાયો નહીં. પરિવારની ફરિયાદ મુજબ અરવિંદના મૃત્યુના બે દિવસ પછી 30 સપ્ટેમ્બરના રોજ એનઈએફટી દ્વારા તેના બેંક ખાતામાં 17.46 લાખ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. પરિવારે આ વ્યવહારને શંકાસ્પદ ગણાવ્યો છે.

# બેન્ક ઓફ જાપાનના વ્યાજદર વધતા અને અમેરિકન ફુગાવો હળવો થતા સોનાના ભાવમાં ઘટાડો થયો

**ફુગાવો** ઓછો થતા સેફહેવન ધાતુની માગ ઘટે છે અને તેની કિંમતો દબાણ હેઠળ આવે છે

મુંબઇ, તા. 20: સપ્તાહના છેલ્લા કારોબારી દિવસે સવારે સ્થાનિક વાયદા બજારમાં સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જેના મુખ્ય કારણ બેંક ઓફ જાપાને તેના વ્યાજદરમાં વધારો કર્યો હતો, ત્યારબાદ રોકાણકારોએ નફો બુક કરવાનું શરૂ કર્યું હતું.

એમસીએક્સ પર ફેબ્રુઆરી ડિલિવરી માટે સોનું 0.56 ટકા ઘટીને 133772 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર બંધ રહ્યો છે. તે જ સમયે, ચાંદીના ભાવમાં પણ પ્રારંભિક કારોબારમાં નબળાઈ જોવા મળી હતી અને માર્ચ ડિલિવરી માટે ચાંદી 0.26 ટકા ઘટીને 203034 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી હતી. જોકે, બાદમાં તેના ભાવમાં વધારો જોવા મળ્યો હતો.

બેંક ઓફ જાપાને તેના મુખ્ય વ્યાજ દરને 0.75 ટકા સુધી વધાર્યા પછી કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો થયો હતો, જે સપ્ટેમ્બર 1995 પછીનો સૌથી વધુ છે. જોકે બજારને આ નિર્ણયથી અગાઉથી વાકેફ હતો, તેમ છતાં રોકાણકારોએ નફો પુનઃપ્રાપ્ત કર્યો હતો. આ નિર્ણયની અસર આંતરરાષ્ટ્રીય બજારો પર પડી હતી અને તેની અસર સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓના ભાવ પર પણ જોવા મળી હતી. યુએસના ફુગાવાના અહેવાલમાં પણ સોનાના ભાવમાં ઘટાડો થયો છે. અમેરિકામાં ફુગાવો નવેમ્બરમાં 2.7 ટકા હતો, જ્યારે નિષ્ણાતોએ 3.1 ટકા રહેવાની અપેક્ષા રાખી હતી. સામાન્ય રીતે સોનાને મોંઘવારી સામે બચાવવાનું સાધન માનવામાં આવે છે, પરંતુ જ્યારે ફુગાવો ઓછો હોય છે, ત્યારે સોનાની માંગ ઘટે છે અને કિંમતો દબાણ હેઠળ હોય છે.

આ સિવાય અમેરિકન ડોલર પણ થોડો મજબુત થયો હતો. ડોલર ઈન્ડેક્સ 0.10 ટકા વધીને એક સપ્તાહની ઊંચી સપાટીની નજીક પહોંચ્યો હતો.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૧૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૦૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૬૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૨૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૧૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૬ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |

# શાબ્દિક નહીં પરંતુ હેતુ આધારિત અર્થઘટનના સિધ્ધાંતને પ્રાધાન્ય આપતો નામદાર સુપ્રિમ કોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**

**ઈશ્વર રૂદલાલ**

કેન્દ્રીય નોટીફીકેશનની એન્ટ્રી 12 તેમજ IGST કાયદા હેઠળના નોટીફીકેશનની એન્ટ્રી 13 હેઠળ... રહેઠાણના ઉપયોગ માટે રહેણાંક મકાન ભાડે આપવાની સેવા પરનો વેરો સંપૂર્ણપણે માફ કરવામાં આવેલ છે ત્યારે... રહેણાંક મકાન એક કંપનીને ભાડે આપવામાં આવે, જે પોતે રહેઠાણ તરીકે તે મકાનનો ઉપયોગ ન કરે પરંતુ વિદ્યાર્થીઓ અને કાર્યરત વ્યવસાયીઓને રહેઠાણના ઉપયોગ માટે ભાડે આપવા તેનો ઉપયોગ કરતી હોય ત્યારે તેવા મકાન ભાડે આપવાનીસેવા જાહેરનામા હેઠળ વેરો માફ હોવાનું ઠરાવતો ખૂબ સરસ ચૂકાદો તાજેતરમાં નામદાર સુપ્રિમ કોર્ટે આપ્યો છે. ખેર! ના. સુપ્રિમ કોર્ટના સ્ટેટ ઓફ કર્ણાટક વિ. તધર વાસુદેવા અંબરિષ સિ અપીલ નં. 7847/2023ના તા. 4.12.25ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

**હકીકત...**

બેંગ્લોરમાં મકાન ધરાવતા માલિક દ્વારા તે મકાન એક કંપનીને ભાડે આપવામાં આવ્યું. કંપનીએ તે મકાન વિદ્યાર્થીઓ અને કાર્યરત વ્યવસાયીઓને 3 થી 12 મહિનાના ગાળા માટે રહેવાની હોસ્ટેલ તરીકેનો ઉપયોગ કરવા ભાડે આપેલા ત્યારે... નોટીફીકેશનની એન્ટ્રી 13 હેઠળ કંપનીને મકાન ભાડે આપવાના વ્યવહારને માફી મળે કે કેમ? તે માટે મકાનમાલિક દ્વારા એડવાન્સ રૂલિંગ માટે અરજી કરવામાં આવી અને રૂલિંગ એવું આપવામાં આવ્યું કે મકાન માલિક દ્વારા જે કંપનીને મકાન ભાડે આપવામાં આવેલ છે તે કંપની દ્વારા તે મકાનનો ઉપયોગ રહેઠાણ માટે કરવામાં આવતો નથી અને તેથી તેવા વ્યવહારને એન્ટ્રી 12 હેઠળ વેરા માફીનો લાભ મળે નહીં. તે આદેશ સામેની અપીલ પણ નામંજૂરકરવામાં આવી ત્યારે માલિક દ્વારા ના. કર્ણાટક હાઈકોર્ટ સમક્ષ રીટ પીટીશન કરવામાં આવી અને ના. હાઈકોર્ટે ઠરાવ્યું કે નોટીફીકેશનનો લાભ લેવા એ જરૂરી નથી કે જેને ભાડે આપવામાંઆવ્યું છે તેણે જ તેનો રહેઠાણ તરીકે ઉપયોગ કરેલ હોવો જોઈએ, જે ચૂકાદા સામે સરકારશ્રી દ્વાવરા નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ અપીલ ફાઈલ કરવામાં આવી.

**દલીલ..**

મકાનમાલિકે દલીલ કરતા જણાવ્યું કે ના. હાઈકોર્ટે બધા જ પાસાઓ તપાસીને તેમની તરફેણમાં ચૂકાદો આપીલ છે જેમાં કોર્ટે દખલગીરી કરવી જોઈએ નહીં.

**ચૂકાદો...**

નામદાર સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે એન્ટ્રી 13માં એવી કોઈ શરત નથી કે જેને મકાન ભાડે આપેલ છે તેણે જ તેનો રહેઠાણ તરીકે ઉપયોગ કરવો જોઈએ. આ કેસમાં કંપની મકાન ભાડે લેનાર લેસી છે અને વિદ્યાર્થીઓ, વ્યવસાયીઓ સબલેસી છે અને સ્પષ્ટપણે ઠરાવ્યું કે મકાન ભાડે આપવામાં આવ્યું હોય તેજ તેનો રહેઠાણ તરીકે ઉપયોગ કરે તેવી જાહેરનામા હેઠળ જરૂરિયાત નથી. જેને મકાન ભાડે આપવામાં આવ્યું છે તેણે જ તેમાંરહેઠાણ તરીકે ઉપયોગ કરેલ હોવો જોઈએ એવું અર્થઘટન કરવામાં આવે તો ધારાસભાનો રહેઠાણના મકાન માટે ભાડે આપવાની સેવાને માફી આપવાનો ઈરાદો માર્યો જાય. એ કંપની પર વેરો લાદવામાં આવશે તો તેનું ભારણ વિદ્યાર્થીઓ અને વ્યવસાયીઓને તબદીલ થશે. અને તેનાથી ધારાસભાનો હેતુ માર્યો જશે. કોર્ટના મતે થોડા સમય પહેલાં જોગવાઈનું કડક શાબ્દીક અર્થઘટન કરવાનો સોનેરી નિયમ હતો. પરંતુ હવે તેની જગા હેતુ આધારિત સિધ્ધાંત લીધી છે. એન્ટ્રીનો હેતુ જે મકાન રહેઠાણ માટે ઉપયોગમાં લેવાતુંહોય તેના ભાડા પર વેરો ન લાદવાનો છે અને તેથી જેને ભાડે આપવામાં આવે તે મકાનનો તે રહેવા માટે ઉપયોગ ન કરે પરંતુ તે અન્ય વ્યકિતને ભાડે આપે, જે તેનો રહેઠાણ તરીકે ઉપયોગ કરતી હોય તો પણ તેને એન્ટ્રી 13 હેઠળ વેરા માફીનો લાભ મળવાપાત્ર છે. એમ ઠરાવી મકાનમાલિક દ્વારા કંપનીને મકાન ભાડે આપવાનો વ્યવહારને એન્ટ્રી 13ના કારણે વેરો ન લાગે તેવા હાઈકોર્ટના ચૂકાદાને મંજૂર રાખી સરકારની અપીલ ડિસમીસ કરી.

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૬૬૭૦ |
| તેજાબી સોનું | ૧૩૬૮૫૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૨૯૮૩૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૩૩૯૩૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૬૬૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૦૮૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૧૦૨૦૦ |